વડીલોને વંદન અભિનંદન

બળદેવભાઈ કેશવલાલ સુથાર
(૧૯૪૩) મો.૯૯૯૮૫૮૭૩૪૦

પોપટલાલ ભીખાભાઈ ઉપાલા
(૧૯૪૨) ફોન: ૨૩૨૨૫૬૮૬

હવામાન વિભાગની કિંમતી મશીનરી ધૂળ ખાય છે

અમદાવાદ હવામાન વિભાગ પાસે પડેલા કરોડોની કિંમતના મશીન બંધ હાલતમાં હોવાને કારણે વારંવાર હવામાન વિભાગની આગાહી ખોટી પડી રહી છે. અમુક વાર તો હવામાન વિભાગ દ્વારા વરસાદની આગાહી કરવામાં આવે છે પરંતુ ત્યારે વરસાદ પડતો જ નથી અને આગાહી ન હોય ત્યારે વરસાદ પડે છે. ગરજને વાલે બાદલ બરસતે નહીં તે કહેવત પણ અહીંયા સાચી સાબીત થાય છે.

યુનિ.ના કુલપતિ આદેશપાલનો ઐતિહાસિક નિર્ણય

ગુજરાત યુનિવર્સિટીના છ ડિરેક્ટરોની પોસ્ટ રદ થઈ

નિર્ણયથી યુનિવર્સિટીમાં હડકંપ : ડિરેક્ટરોમાં નારાજગીનું મોજુ : યુનિવર્સિટીના ભવિષ્યને ધ્યાનમાં લઈને જ નિર્ણય

અમદાવાદ, તા.૪

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ આદેશપાલે પોતાના કાર્યકાળ દરમિયાન પ્રથમ વખત ઐતિહાસિક નિર્ણય લેતા યુનિવર્સિટીના જુદા-જુદા વિભાગના છ ડિરેક્ટરોની પોસ્ટ રદ કરી નાખી છે. જેના પગલે યુનિવર્સિટીમાં હડકંપ મચી જવા પામી છે. ખાસ કરીને કુલપતિ આદેશપાલના આ નિર્ણયથી ડીરેક્ટરોમાં નારાજગી પ્રવર્તી રહી છે. જ્યારે સામે પક્ષે કુલપતિ પોતાના નિર્ણયને યુનિવર્સિટીના ભવિષ્ય માટે યોગ્ય ગણાવી રહ્યા છે. યુનિવર્સિટીના કુલપતિ આદેશપાલના આ નિર્ણયના કારણે છ ડાયરેક્ટરોને નિમણુંક રદ થવા પામી છે. જેમાં વાણિજ્ય ભવનના ડાયરેક્ટર એમ.સ.ઓઝ, ભાષા ભવનના ડાયરેક્ટર વસંત ભટ્ટ, કાયદા ભવનના ડાયરેક્ટર કે.સી.રાવલ, મનોવિજ્ઞાન ભવનના ડાયરેક્ટર આર.એસ.પટેલ, વી.કે.સ્કુલ ઓફ બીઝનેશ મેનેજમેન્ટના ડાયરેક્ટર સરલા અરયુથના અને વિજ્ઞાન ભવનના શોભના મેનનો સમાવેશ થાય છે.

યુનિવર્સિટીના કુલપતિ આદેશપાલે પોતાના આ ઐતિહાસિક નિર્ણય અંગે જણાવ્યું હતું કે, યુનિવર્સિટીમાં ભવનદીઠ અલગ અલગ ડાયરેક્ટરોની નિમણુંક કરાયેલી હોવાથી વહિવટી ગુંચવડો ઉભી થતી હતી અને યુનિવર્સિટી ઉપર સ્ટાફનું ભારણ પણ વધી જાય છે. જેથી છ ભવનોના ડીરેક્ટરોની પોસ્ટ રદ કરવામાં આવી છે. જેના કારણે યુનિવર્સિટીના વહીવટી કામમાં સરળતા આવશે. જો કે યુનિવર્સિટીના કુલપતિ આદેશપાલના આ નિર્ણયના પગલે જે ડાયરેક્ટરોની પોસ્ટ રદ થઈ છે. તેઓ કુલપતિના આ નિર્ણયના પગલે નારાજ છે.

આ અંગે યુનિવર્સિટીના ભાષા ભવનના ડાયરેક્ટર પદેથી જેમની નિમણુંક રદ થઈ છે તેવા વસંત ભટ્ટે જણાવ્યું હતું કે, કુલપતિનો આ નિર્ણય યુનિવર્સિટીના નિયમો અને ધારા ધોરણોના ભંગ સમાન છે. વિવિધ ભવનના ડાયરેક્ટરોની પોસ્ટ રદ થવાથી યુનિવર્સિટી ઉપર કાર્યનું ભારણ વધશે અને વહીવટી ગુંચવડ ઉભી થશે. જ્યારે વિદ્યાર્થીઓની મુશ્કેલીઓમાં પણ વધારો થશે. પહેલાં જે તે ભવનની સમસ્યાઓને અને વિદ્યાર્થીઓની મુશ્કેલીઓના હલ જે તે ભવનમાં આવી જતો હતો. પરંતુ હવે આ અંગે પ્રક્રિયા લાંબી બની જતા વિદ્યાર્થીઓએ અનેક સમસ્યાઓનો સામનો કરવો પડશે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના ૧૯૪૯માં કરવામાં આવી ત્યારે કેમ્બ્રીજ યુનિવર્સિટીના બંધારણ મુજબ તેનું માળખું તૈયાર કરવામાં આવ્યું હતું. જેમાં જુદા જુદા વિષયોને લગતા ભવનોનું નિર્માણ કરી તેના સંચાલક તરીકે ડાયરેક્ટરોની નિમણુંક કરવામાં આવી હતી અને વિવિધ વિષયોનું સંચાલન આ ભવનો કરતાં હતા. જેનાં ઉપર યુનિવર્સિટીનું નિયંત્રણ રહેતું હતું. જે મુજબ છેલ્લા ૬૪ વર્ષથી યુનિવર્સિટીનો વહીવટ ચાલતો હતો. પરંતુ યુનિવર્સિટીના કુલપતિ પદે આદેશપાલની નિમણુંક બાદ યુનિવર્સિટી વહીવટીતંત્રમાં અનેક ફેરબદલ કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે આ સાત ડાયરેક્ટરોની નિમણુંક રદ કરવાના નિર્ણયને જોવામાં આવી રહ્યો છે.

અમદાવાદનાં શહેરકોટડા વિસ્તારમાં બનેલો બનાવ

તલવારથી છ જેટલાં શખ્સોએ ત્રણ યુવાનો ઉપર હુમલો કર્યો

જૂની અદાવતને લીધે હુમલો : એક યુવાનની હાલત ગંભીર : કેસમાં પોલીસે વધુ તજવીજ હાથ ધરી

અમદાવાદ,તા.૪

અમદાવાદનાં પૂર્વ વિસ્તારના શહેરકોટડામાં ગઈકાલ સાંજે જૂની અદાવતને લીધે છ જેટલાં શખ્સોએ તલવાર અને તીક્ષ્ણ હથિયારોથી ત્રણ યુવાનો પર જીવલેણ હુમલો કરતાં ગંભીર રીતે ઘવાયેલા ત્રણેય યુવાનોને સારવાર અર્થે શહેરની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે જેમાં એક યુવાનની હાલત અત્યંત નાજુક છે. આ બનાવને પગલે લોકોમાં ભયનું વાતાવરણ ઉભું થયું છે. ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો તુરંત જ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને આગળની તજવીજ હાથ ધરી છે.

અમદાવાદનાં નવા નરોડા પાસે આવેલાં પાર્શ્વનાથ ટાઉનશીપ ખાતે રહેતા ધર્મેન્દ્ર અભેસિંહ બારડ, મેહુલ અને બળવંતસિંહ ચાવડા ગઈકાલ સાંજે પ્રેમનગર પાસેઆવેલ ગોપી ચાની કિટલી પાસે ઉભા હતા તે જ સમયે દિપક કાઠી, રાજુ યાદવ, હાર્દિક ઠક્કર, શુક્લા, બિટ્ટુ શર્મા અને છુત્તુ તલવાર સહિતના તિક્ષ્ણ હથિયારથઈ ત્યાં આવી પહોંચ્યા હતા અને કોઈ કંઈ સમજે તે પહેલા જ તેઓ મેહુલ પર તુટી પડ્યા હતા જેથી મેહુલને બચાવવા ધર્મેન્દ્ર અને બળવંતસિંહ પણ વચ્ચે પડ્યા હતા જેથી છ યુવકો તેમને પણ માર મારવા લાગ્યા હતા.

એક તબક્કે તો ઘટના સ્થળ પર ફિલ્મ જેવા દૃશ્યો સર્જાયા હતા. બીજી તરફ આ ઘટનામાં મેહુલને ગંભીર ઈજા થતા તેને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતા જ્યાં તેની હાલત ગંભીર છે. આ ઉપરાંત ધરમેન્દ્ર અને બળવંતસિંહને પણ ઈજા થતા તેમને પણ સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

પોલીસે ધર્મેન્દ્રની ફરીયાદને આધારે દિપક કાઠી, રાજુ યાદવ, હાર્દિક ઠક્કર, શુક્લા, બિટ્ટુ શર્મા અને છુત્તુ ની શોધખોળ હાથ ધરી છે. બીજી તરફ આ અંગે તપાસ અધિકારીએ જણાવ્યું હતુ કે, આરોપીઓ અને ફરીયાદી વચ્ચેઅગાઉ નવરાત્રિમાં કોઈ કારણસર માત્રમારી થઈ હતી અનેઆ મામલે નરોડા પોલીસ મથકમાંફરીયાદ પણ નોંધવામાં આવી હતી, તેની જ અદાવતને કારણે આ હુમલો થયાની આશંકા છે.પોલીસ આરોપીઓને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યાછે.

પંચમહાલ જિલ્લામાં પ્રવેશ નહી જેઠા ભરવાડના જામીન મુક્ત

અમદાવાદ,તા.૫

શહેરામાં વિધાનસભાની ચૂંટણીના દિવસે ગાર્ડ દ્વારા ફાયરિંગ કરવાના કેસમાં જેઠા ભરવાડની ધરપકડ કરવામાં આવી હતી. આ કેસમાં સેશન્સ કોર્ટે આગોતરા અને રેગ્યુર જામીન ફગાવતા તેમને હાઈકોર્ટમાં જામીન માટે અરજી કરી હતી. જે અરજી હાઈકોર્ટે ચોક્કશ શરતોને આધીન ગ્રાહ્ય રાખી છે. જેમાં જેઠા ભરવાડને પંચમહાલ જિલ્લામાં પ્રવેશવા પર રોક હાઈકોર્ટે લગાવી દીધી છે.

જેઠા ભરવાડની આગોતરા જામીન અરજી ગોધરા સેસન્સ કોર્ટે ફગાવી દેતા તેઓ પોલીસ સમક્ષ સરન્ડર થયા હતા. ત્યાર બાદ રેગ્યુલર જામીન માટે અરજી કરી હતી. જો કે, આઈપીસી ૩૦૭ જેવો ગંભીર ગુનો હોવાને કારણે ગોધરા સેશન્સ કોર્ટે તેમની રેગ્યુલર જામીન અરજી પણ ફગાવી દીધી હતી.

જેથી નીચલી અદલાતના આ હુકમ સામે તેમણે હાઈકોર્ટમાં અપિલ કરી હતી. અને તેમાં તેમણે રજુઆત કરતા જણાવ્યું હતુ કે, હું નિર્દોષ છુ, ખોટી રીતે મને સંડોવી દેવામાં આવ્યો છે, મે કોઈના પર પણ ફાયરિંગ કર્યુ નથી, આ કેસમાં મારી કોઈ જ ભૂમિકા નથી છતા નીચલી કોર્ટે મને જામીન પર છોડ્યો નથી, નામદાર અદાલતને જામીન આપવાની સત્તા છે તેથી જો કોર્ટ જામીન આપે તો તમામ શરતોનુ પાલન કરવા માટે તૈયાર છુ. તેથી મને જામીન પર મુક્ત કરવો જોઈએ.

આ જામીન અરજી ગ્રાહ્ય રાખતા હાઈકોર્ટે જણાવ્યું હતુ કે, ત્રણ મહિના સુધી પંચમહાલ જિલ્લામાં નહી પ્રવેશવું અને ૧૦ હજારના જામીન પર મુક્ત કરવાનો આદેશ કર્યો છે.



વસ્ત્રાપુર લેકમાં આદ્યકવિ નરસિંહ મહેતાની પ્રતિમાના નિર્માણની કામગીરી ચાલી રહી છે જેથી હાલમાં નૌકાવિહાર બંધ છે.

કોન્સ્ટેબલની બદલી કરવાના મુદ્દે ડીજીપીને હાઇકોર્ટની નોટિસ

અમદાવાદ,તા.૫

રાજ્ય પોલીસ દળમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા એક કોન્સ્ટેબલની બદલી કરવા મામલે હાઈકોર્ટે ડીજીપીને નોટીસ પાઠવી છે. ત્યાર બાદ આ મામલે વધુ સુનવણી ૨૫ ફેબ્રુના રોજ યોજવાનો આદેશ કરવામાં આવ્યો છે.

૨૩ માર્ચ ૨૦૧૦ના રોજ સુરત પોલીસ કમિશનરે હારુનની સાબરકાંઠાના હિંમતનગર ખાતે ટ્રાન્સફર કરી હતી અને આખો પરીવાર સુરત રહેતો હોવાથી ફરી સુરત પાછા આવવા સુરત કમિશનરને રજુઆત કરી હતી.

પરંતુ કોઈ જ પગલાં ન લેવાતા તેણે હાઈકોર્ટમાં રિટ પીટીશન દાખલ કરી હતી. જેથી ગુજરાત હાઈકોર્ટે રાજ્ય પોલીસ વડાને હારુન યુસુફ કડીવાલાની સુરત પાછી બદલી કરવા મોટ આદેશ કર્યો હતો. જો કે, હાઈકોર્ટના હુકમ બાદ પણ યુસુફની બદલી સુરત કરવામાં આવી ન હતી અને હાઈકોર્ટના ચુકાની અવગણના કરવામાં આવી હતી. જેથી હાઈકોર્ટેમાં આ મામલે રિટ પીટીશન દાખલ કરવામાં આવી હતી.

જેથી હાઈકોર્ટે આ અંગે ડીજીપીને નોટીસ કાઢી ખુલાસો કરવા આદેશ કરતા જણાવ્યું છે કે, કેમ તમારી સામે કોઈ પગલા ન લેવા.. તે અંગે ખુલાસો કરો.

નરોડામાં બેભાન બનાવી યુવાનને લૂંટી લેવાયો

અમદાવાદ, તા. ૪

ખાદ્ય પદાર્થમાં કેફી પદાર્થ ખવડાવીને વ્યક્તિને લૂંટી લેવાના બનાવો અવારનવાર અખબારોના પાને ચમકે છે. અને લોકો વાંચે પણ છે. છતાં લોકો ફરી પાછી અજાણ્યા માણસ પાસેથી કંઈક ખાવાનું છોડતા નથી. આજે આવો વધુ એક બનાવ નરોડા પાટિયા વિસ્તારમાં બનવા પામ્યો હતો. જેમાં વડોદરાથી બસમાં આવેલા સુરત કામરેજના નિરવભાઈ પટેલ સાથે વાતચીત કરી મિત્રતા કેળવીને ૩૫ વર્ષના જણાતા એક પુરુષે તેમને આ સાથે કેફી બિસ્કીટ ખવડાવી તેમને બેભાન કરી ગળામાંથી ૮૦ હજારની સોનાની મેઈન તથા તેમની બેગમાંથી ૬૦ હજાર રોકડા મળી ૧ લાખ ૪૦ હજારની મતા લૂંટી ગયાની ફરીયાદ નરોડા પોલીસ મથકમાં નોંધાવા પામી છે.

સંસ્થામાં રીકોલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતું. માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની આ ખાલી જગ્યા સામે ફાજલ શિક્ષકોને સમાવી લેવાની લાગણી પ્રબળ બની હતી. જયારે ફાજલ શિક્ષકોને નોકરી આપવા જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા ગત મહિનાના અંતમાં ચારેય તાલુકામાં કેમ્પનું આયોજન કરવાં આવ્યું હતું. સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર વિવિધ વિષયોના ફાજલ શિક્ષકોને નોકરી આપવા હાથ ધરાયેલ કેમ્પની પરીક્ષા દરમિયાન ૧૩૮ પૈકી ૪૮ ફાજલ શિક્ષકોનો સમાવેશ કરી દેવાયો છે. માણસા, કલોલ, દહેગામ અને ગાંધીનગર તાલુકાના માધ્યમિકના ૪૮ શિક્ષકોને નોકરી આપવામાં આવી હતી. વધુમાં આ દરમિયાન જે સ્કુલમાંથી શિક્ષકો ફાજલ થયા હોય તે જ સ્કુલમાં જગ્યા ખાલી થઈ હોય તેવા કિસ્સામાં ૨૫ શિક્ષકોને રીકોલ કરી માતૃ સંસ્થામાં સમાવી લેવાયા છે. ફાજલ શિક્ષકોના ભરતી કેમ્પના અંતે માધ્યમિક શાળાઓની ખાલી જગ્યાઓ પણ ભરાઈ ગઈ છે.

ભાજપ પક્ષની બેઠક.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યોજાનાર છે ત્યારે આ ચૂંટણીઓમાં ભાજપને વિજય બનાવવા માટે તમામ ધારાસભ્યોને પણ નગરપાલિકા અને તાલુકા પંચાયતોની જવાબદારી સોંપવામાં આવશે અને તેમને ફાળવેલ નગરપાલિકા વિસ્તાર તાલુકા પંચાયત વિસ્તારમાં પ્રચાર કરવા જવા માટે પણ સૂચનાઓ આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ૨૦મીથી અંદાજપત્ર સત્ર શરૂ થઈ રહ્યું છે તે પૂર્વે એટલે કે આગામી સપ્તાહે ભાજપ વિધાનસભા પક્ષના દંડક અને ઉપદંડકના નામોની પસંદગી કરીને વરણી કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

શબ્દાવલી - ૪૯૬૯



આડી ચાવી

૧. પોલીસથાણુ (૫)
૫. નિયમ તોડવો, નિયમનો... કરવો (૨)
૭. સોનું, સુવર્ણ (૩)
૮. તડાફડી, તકરાર (૪)
૧૦. એક વાદ્ય (૩)
૧૪. ગુજરાતી પ્રથમ મહિનો (૪)
૧૬. હોટલ (૨)
૧૭. પેન્સિલથી લખેલું લુછી નાખવા... જોઈએ (૩)
૧૮. જુસ્સા સાથે (૪)
૨૦. ખુબ વજનવાળુ (૪)
૨૧. ઘણા લોકો ટાણુ- ... જોયા વગર જ ટપકી પડે (૩)
૨૨. કસર, કમી (૨)

ઊભી ચાવી

૧. ખાલી, મિથ્યા (૩)
૨. એકાગ્ર (૨)
૩. સમગ્ર (૩)
૪. કાદવ.... (૩)
૫. પાણી ભરવાની એક ખાસ પ્રકારની માટલી (૩)
૬. ગેડ, સળ (૨)
૯. ગધેડોને... મારે એટલે સીધી (૩)
૧૧. મફત પાણી પીવાની સેવા (૩)
૧૨. ગરીબ (૨)
૧૩. ...મહોમ્મદ (માનવાચક) (૪)
૧૪. ગાડી, ટેક્સી (૨)
૧૫. ગોરનું પેટ, થાળી (૪)
૧૬. ... લક્ષણ જાય (કહવત) (૨)
૧૮. મુશ્કેલી, નુકસાન (૩)
૧૯. સપના (૩)

શબ્દાવલી ૪૯૬૮ના જવાબ

આડી ચાવી :- (૧) આફતાબ (૩) ઉલ્કા (૫) વૈષ્ણવ (૬) પારા (૭) લીખ (૯) આરોગ્ય (૧૦) નળ (૧૧) વાર (૧૪) જુડો (૧૬) કચોળા (૧૮) કાખ (૨૦) ઝગમગાટ (૨૨) ઉલ્કા (૨૩) મકન

ઊભી ચાવી :- (૧) આવિષ્કાર (૨) તાવ (૩) ઉષ્ણ (૪) લવલીન (૫) વૈરાગ્ય (૬) પારો (૮) ખળભળાટ (૯) આરજુ (૧૩) ટકાઉ (૧૫) ડોઝ (૧૭) યોગાન (૧૯) ખલ (૨૧) રામ

સુવર્ણ જયંતિ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વ્યક્તિત્વની છાપ મુકતા જાય. નિયમિત પુજા-પાઠ અને ગાયત્રી ઉપાસના તેમનો નિત્યક્રમ છે. તેમને જુના ફિલ્મી ગીતો તેમજ સંગીત પ્રત્યે વિશેષ લગાવ હતો. પ્રેમાળ સ્વભાવ હોવાને કારણએ, સગાવહાલા કે પડોશીઓ તેમને 'દવે દાદા' કહીને બોલાવતા તેઓ પુત્રો તેમજ પુત્રવધુઓને એક જ શીખ આપતાં કે સૌએ હળીમળીને રહેવું. બીજાને માટે જતું કરવાની ભાવના રાખવી. ત્યાગ અને સમર્પણની ભાવના હશે તો જીવનમાં કદી દુઃખી નહિ થાવ. પપ્પાના પ્રેમાળ સ્વભાવ આગળ સૌ કોઈ નતમસ્તક કે રહી તેમનો પડયો બોલ ઝીલે છે. દવે દાદાના મમ્મીનું અવસાન થયું ત્યારે તેમનું નેત્ર દાન કરવાનો તેમણે ત્વરીત નિર્ણય લઈ સૌને અચંબામાં નાખી દીધેલા. પડોશીના દુઃખ પ્રસંગોમાં પણ તેઓ બધાને હૂંફ આપવા દોડી જાય છે. દવે દાદા સાચા અર્થમાં અજાતશત્રુ છે. ૭૫ વર્ષે પણ તેમના વિચારોની તાજગી અને તન મનની તંદુરસ્તી કાબિલે દાદ છે. એક વર્ષ પહેલાં તેઓ ગંભીર બિમારીમાં પટકાયા અને અટેક પણ આવ્યો ત્યારે સૌને જીવ પડીકે બંધાયા હતા. સૌની એક જ ઝંખના હતી 'દાદા ઘણું જીવો' અને બધાની દુવા કામ કરી ગઈ. દાદાને જીવતદાન મળ્યું. ત્યારે સૌએ નક્કી કર્યું કે દાદાના દામ્પત્યજીવનને ૫૦ વર્ષ પુરા થવા આવ્યા છે. આપણે સફળ દામ્પત્યજીવનનો સુવર્ણ મહોત્સવ ઉજવીએ અને સમગ્ર પરિવારે આ વાત સહર્ષ સ્વીકારી. સહાવહાલાને આમંત્રણ અપાયા. તેમના મિત્રવર્તુળમાં પણ જાણ કરાઈ. બળદેવભી સુથાર (ઓમ શાંતિ) અને મહેન્દ્રભાઈ ઉપાધ્યાય તેમના ખાસ મિત્રો. સૌના મનમાં એક જ વિચાર આવ્યો કે કળિયુગના અંધકારમાં આશાનું કિરણ પ્રગટાવવામાં આપણે નિમિત્ત બનીશું. કારણ કે, વર્તમાન યુગમાં દિકરા કે પુત્રવધુઓ સાસુ-સસરાને ૬૦ વર્ષ પછી વિદાય આપવાનો ઈંતજાર કરે છે. ઘરમાં તેમની હાજરી સૌને ખટકે છે. તેમના વિચારો જૂનવાણી લાગે છે. પણ પુત્રોએ ભૂલી જાય છે કે વડીલોની પણ બાળકના જેટલી જ માવજત કરવી પડે છે. તેમને સામાન્ય બાબતોમાં ખોટું લાગી જવું કે અપમાનીત થવાની લાગણી અનુભવે છે એક નાનકડા ઓરડામાં તેમને ગોંધી રાખી પિતૃત્વ કે માતૃત્વને ગુંગળાવા ન દેવાય... અને છતાં આવું થાય છે. મહેન્દ્રદાદા કે ચંદ્રિકાબા જેવા બધા વડીલો ભાગ્યશાળી ન હોય. પ્રસંગો પાત આવા પ્રસંગોથી એટલો સંતોષ જરૂર થાય કે હજુ પરમાત્માને જનમ લેવાની ઉતાવળ કરવા જેવી નથી...

SANGHI CEMENT
KISAN
VINAYAK 500
SANGHI STEEL - ISI
BENELAVE
DR. FIXIT
TMT BARS - ISI
TATA
ashirvad
C. PVC, UPVC
STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

અલ્ટ્રાટેક સિમેન્ટ
એંજિનિયરની પસંદગી
FAIR MATE Water Proofing Solution
VIRAT TMT BARS
UTKARSH TMT BARS
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :-
શ્રી પેશ્વી ટ્રેડર્સ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
(O) : 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૩૨૦૬૦૫૨૨, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨,